ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

સફલ રિશ્તોં કે
યહી ઉસૂલ હૈ
બાતેં ભૂલીએ
જો ફિઝૂલ હૈ

**જન્મદિને વધામણી**



દિગિ વિપુલભાઈ પટેલ
(મારૂતિ મંડપ)
મો. ૯૪૨૪૧ ૨૯૨૪૧

# પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો

## શિક્ષણ ઉપરાંત રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા વિદ્યાર્થીઓ અને શાળામાં ૧૦૦ ટકા હાજરી નોંધાવનાર વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરાયા

ગાંધીનગર, તા. ૨૮

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત ઈનામ વિતરણ અને વિશિષ્ટ વ્યક્તિ સન્માન સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શિક્ષણ ઉપરાંત રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા વિદ્યાર્થીઓ અને શાળામાં ૧૦૦ ટકા હાજરી નોંધાવનાર વિદ્યાર્થીઓને આચાર્ય યુવરાજસિંહ વાઘેલા તથા અતિથિઓના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર તથા વિધાનસભ્ય ડૉ. સી જે ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના સંચાલક અર્જુનસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરવાની પ્રતિબદ્ધતા લેવડાવી હતી. અતિથિ શંભુજી ઠાકોરે દિલ્હી ખાતે કેન્દ્ર ગૃહ મંત્રી રાજનાથસિંહને મળવા જઈ રહેલા પોલીસ કૅડેટના વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

આચાર્યએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવો જોઈએ. ઉલ્લેખનીય છે કે તેઓ સ્કાઉટ ગાઈડના ચીફ કમિશનર છે.

વાર્ષિકોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓએ ભારતમાં ઉજવવામાં આવતા વિવિધ તહેવારો પર આધારિત થીમ આધારિત વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી કરાવી હતી.

આ કાર્યક્રમમાં કરાટે ઍસોસિએશનના પ્રમુખ, કે કે પટેલ વિદ્યાલયના આચાર્ય, તાલુકા આચાર્ય પ્રમુખ તેમજ વૈદિક પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા ગણતંત્ર દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૮

સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી અનન્ય ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે ધ્વજવંદન અને રાષ્ટ્રગીત ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. એમાંય નાનાં બાળકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી વિવિધ ડાન્સની કૃતિઓએ ઉપસ્થિત અતિથિઓ, પ્રેક્ષકોની ભરપૂર વાહવાહી ઝીલી હતી. આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ગણમાન્ય અતિથિઓ તથા વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રકક્ષાની કરાટે સ્પર્ધામાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનો વિદ્યાર્થી ઝળક્યો

ગાંધીનગર, તા. ૨૮

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી ચંદ્રકાન્ત દિનેશભાઈ સરીપડીયાએ સોતોકાન અને સોબુકાન ઍસોસિએશન દ્વારા આયોજિત ઑલ ઈન્ડિયા ઈન્વીટેશનલ કરાટે ચૅમ્પિયનશીપ (અન્ડર૧૭, ૪૭ કિગ્રા)માં ભાગ લઈ અનુક્રમે સિલ્વર મૅડલ (કાતામાં) અને બ્રૉન્ઝ મૅડલ (કુમિતેમાં) પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

સમગ્ર વેદ ઈન્ટરનેશનલ સ્કૂલે પરિવાર વિદ્યાર્થીની આ અભૂતપૂર્વ સિદ્ધિને બિરદાવી તેને અભિનંદન પાઠવ્યા છે.

# બારશાખ રાજપૂત સમાજના યુવા અને મહિલા સંગઠન દ્વારા બાળ રમતોત્સવ



બારશાખ રાજપૂત સમાજના યુવા સંગઠન - મહિલા સંગઠન દ્વારા જીવરાજ પાર્ક સનફ્લાવર સ્કૂલ ખાતે બાળ રમોત્સવ યોજાયો હતો., જેમાં વિજેતા થયેલાં બાળકોને યુવા મહિલા સંગઠનનાં કામીની ચૌહાણ, નિમિષા ચુડાસમા, યામીની સોલંકી, રીટા સોલંકીના હસ્તે ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ એનાયત કરાયા હતા.

## બાપુ ગુજરાત નૉલેજ વિલેજ ખાતે

# ફ્રેશર્સ જૉબ ફેરનું આયોજન કરાયું





બાપુ ગુજરાત નોલેજ વિલેજ, વાસન, ગાંધીનગર મુકામે શનિવારે ફ્રેશર્સ જૉબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તથા તે વિવિધ ક્ષેત્રમાં પ્રગતિ કરે તે રહ્યો છે. બાપુ ગુજરાત નોલેજ વિલેજ શરૂઆતથી જ ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સમન્વય જાળવવા પ્રયત્ન કરી રહ્યું છે. ફ્રેશર્સ જોબ ફેરના ઉદ્ઘાટન સમારોહમાં ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, પ્રૉ.રવિ કુમાર તથ વિવિધ કંપનીઝના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ જૉબ ફેરમાં ઍન્જિનીયરિંગ, ફાર્મા તથા મૅનેજમૅન્ટ ક્ષેત્રની ૩૨થી વધુ કંપનીઝે ભાગ લીધો હતો. કંપનીના એચઆર ડિપાર્ટમેન્ટના પ્રતિનિધિઓ દ્વારા ઉમેદવારોને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા, ઉપલબ્ધ જગ્યાઓ, શૈક્ષણિક લાયકાતો, મૂલ્યાંકન પદ્ધતિઓ, અપેક્ષિત પગાર વગેરે વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. કંપનીઝ દ્વારા કુલ ૫૪૦ જગ્યાઓ માટે ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, ૧૧૫ વિદ્યાર્થીઓ વિવિધ સ્થાનો પર પસંદગી પામ્યા હતા.

# પ્રેરણા વિદ્યાલય દ્વારા વાર્ષિક રમતોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયનો રમતોત્સવ સેક્ટર-૫ના ઉદ્યાનમાં ઉજવાયો હતો, જેમાં શાળાના ૪૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

લોટફૂંક, કોથળાદોડ, લીંબુ ચમચી, સંગીત ખુરશી, ૫૦ મીટર દોડ, ત્રિપગી દોડ જેવી રમતોની સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વયજૂથ પ્રમાણે ભાગ લીધો હતો. પ્રત્યેક વિદ્યાર્થીએ બે રમતોમાં ભાગ લીધો હતો. સ્પર્ધાને અંતે પ્રથમ ત્રણ ક્રમના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

પ્રથમ વિભાગમાં લોટફૂંક સ્પર્ધામાં સુમિત ગોલ, રિદ્ધિ ઠાકોર અને ભવ્યરાજ ગોહિલ, દોડની સ્પર્ધામાં નિક્કી શાક્યબાર, ઝીલ પ્રજાપતિ, કૃપા રાવલ, લીંબુ ચમચીની રમતમાં યુવરાજ સોલંકી, દેવ ગોહિલ, પ્રાર્થના સાંકોડિયા, સંગીત ખુરશીની રમતમાં વૃંદા ચૌહાણ, ઉમેશ પરિહાર અને ભાવિન ભુરિયા અનુક્રમે વિજેતા બન્યા હતા.


બીજા વિભાગમાં લોટફૂંક સ્પર્ધામાં ઋષિકેશ પરમાર, ધ્રુવ પટેલ, કપૂર રબારી, લીંબુ ચમચીમાં હર્ષિક સાકરિયા, રિપલગોલ અને રિયા વાઘેલા, સંગીત ખુરશીમાં મિન્હાજ પઠાણ, માહિત પ્રજાપતિ અને શ્વેતા શાક્યબાર, કોથળા દોડમાં ક્રિષ્ના સોલંકી, વિરેન્દ્ર દંતાણી, મહર્ષિ ડામોર, સંગીત ખુરશીમાં મંથન શ્રીમાળી, ક્રિશ સાધુ, વિધિ મહેતા, ત્રિપગી દોડમાં આકેન્દ્ર પરિહાર-આકાશ પરિહાર, હેત સડાત-મહર્ષિ સડાત તથા વૈભવ પટેલ અને મેઘરાજ વાઘેલા અનુક્રમે વિજેતા બન્યા હતા.

સંગીત ખુરશીની રમત સાથે આ રમતોત્સવનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સ્કૂલના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ રમતોત્સવમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા અને જીવનમાં રમતના મહત્ત્વ વિશે એમને સમજ આપી હતી. પ્રિન્સિપાલ મનીષભાઈ ખત્રી તથા સમગ્ર શિક્ષકગણ પણ આખો દિવસ વિદ્યાર્થીઓ સાથે રમતોમાં વ્યસ્ત રહ્યો હતો.

વિજેતા વિદ્યાર્થીઓને સેક્ટરના વસાહતી આર કે પટેલ તરફથી ઈનામો એનાયત કરાયં હતાં તથા તેમનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

# ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કૉલેજ દ્વારા નેશનલ કન્વેન્શન અને ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ યોજાઈ

## ૫૦૦થી વધુ રિસર્ચ- સ્કૉલર્સ અને ૨૫થી વધુ નિષ્ણાતોની ઉપસ્થિતિ રહી : ૨૦૦ જેટલાં રિસર્ચ- પેપર્સ રજૂ થયાં





ગાંધીનગર, તા. ૨૮

ફાર્મસી ક્ષેત્રે દેશની અગ્રગણ્ય સંસ્થા - સોસાયટી ઑફ ફાર્માકૉગ્નોસીનું ૨૨મું 'નેશનલ કન્વેન્શન' અને 'ઈન્ટિગ્રેટિંગ આયુર્વેદ એન્ડ હર્બલ ડ્રગ્સ' વિષય ઉપરની 'ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ'નું ગણપત યુનિવર્સિટીના આંગણે ગઈ તારીખ ૨૦ અને ૨૧ દરમિયાન સફળતાપૂર્વક આયોજન થયું હતું.

ગણપત યુનિવર્સિટીની એક અંગભૂત કૉલેજ - 'શ્રી એસ.કે. પટેલ કૉલેજ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ'ના યજમાન પદે યોજાયેલા આ બે દિવસીય 'નેશનલ કન્વેન્શન' અને ઈન્ટરનેશનલ કૉન્ફરન્સમાં ૧૩ રાજ્યોમાંથી ફાર્મસીના વિવિધ વિષયો ઉપર અભ્યાસ- સંશોધન કરતા ૫૦૦થી વધુ રિસર્ચ સ્કૉલર્સ ખાસ ઉપસ્થિત રહી ફાર્મસીના વિવિધ વિષયો ઉપરની બેઠકોમાં જ્ઞાન-સંવાદનો લાભ લીધો હતો. આ અવસરે ૨૦૦ જેટલાં રિસર્ચ- પેપર્સ (શોધ-નિબંધો) રજુ થયા એ પણ આ ઉપક્રમની એક વિશિષ્ઠ સિદ્ધિ ગણાઈ હતી.

'ઈન્ટિગ્રેટિંગ આયુર્વેદા અને હર્બલ ડ્રગ્સ ફોર નેક્સ્ટ જનરેશન થેરાપ્યુટિકર્સ એન્ડ સપ્લિમેન્ટ્સ : ઑપોચ્યુનિટીઝ એન્ડ ચેલેન્જિસ' – વિષય ઉપર ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ અને સોસાયટી ફોર ફાર્માકોગ્નોસીના ૨૨મા નેશનલ કન્વેન્શનના પ્રારંભે યોજાયેલા ઉદ્ઘાટન- સમારંભમાં અતિથિ વિશેષ તરીકે એસોસિએશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. ચંદ્રકાન્ત કોકાટે ઉપસ્થિત રહ્યા હતા તો અન્ય મહેમાન મહાનુભાવોમાં ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના ડૉ. શૈલેન્દ્ર શરાફ, એફ.ડી.સી.એ. ગુજરાતના કમિશનર ડૉ. શ્રી એચ.જી. કોશિયા, સોસાયટી ઑફ ફાર્માકોગ્નોસીના પ્રેસિડેન્ટ અને જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. શ્રી નવીન શેઠ, સોસાયટી ઑફ ફાર્માકોગ્નોસીના જનરલ સેક્રેટરી ડૉ. ઉમેશ કે. પાટીલ, ગણપત યુનિ.ના ટ્રસ્ટી અને બૉર્ડ મેમ્બાર શ્રી આનંદ પટેલ, યુનિ.ના ડાયરેકટર જનરલ પ્રો. ડૉ. શ્રી મહેન્દ્ર શર્મા, યુનિ.ના રજિસ્ટ્રાર ડૉ. શ્રી અમિત પટેલ, યુનિ.ની સાયન્સ ફેકલ્ટીના ડીન અને ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. શ્રી રાકેશ પટેલ, આ આયોજનના કો. ઓર્ડિનેટર ડૉ. પી.યુ. પટેલ, યુનિ.ની વિવિધ વિદ્યાશાખાઓના ડીન, ડિપાર્ટમેન્ટલ હેડ્સ, પ્રાધ્યાપકો સહિત અનેક વિદ્વાનોનો સમાવેશ થાય છે.